# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

2023

પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૯

ફેબ્રુઆરી

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. મોહનીય કર્મમા .................. ખાસ ત્યજવા જેવો છે.
૨. જેને ............... ન આવડે એને નવકાર ન આવડે.
૩. .................. એક અથવા અનેક બનાવી શકાય, ન જોઈએ ત્યારે સંહરી શકાય.
૪. મોક્ષ એ પદ છે કારણ તેનો અર્થ પણ છે અને તેની .................... પણ છે.
૫. અસંજ્ઞી પંચેન્દ્રિય પાસે ................... હોતું નથી.
૬. ................ માં મને પ્રવેશ કરવાની આજ્ઞા નથી.
૭. ................ પાંચસો ગાડાઓ સાથે નદી ઉતરતો હતો ત્યારે તેનાં બધા ગાડાઓ કાદવમાં ખુંચી ગયા.
૮. તિર્યંચ પંચેન્દ્રિય અથવા મનુષ્ય મરીને ૭ ભવ એજ જાતિમાં કરી આઠમાં ભવે એને .................... માં જ જવું પડે.
૯. .............. પ્રગટે તેમ તેમ જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ થાય.
૧૦. મનમાં ................... હોય તો મન શુભ અને શુદ્ધ વિચારોથી મહેકતું હોય.
૧૧. ................ ના સ્વાદમાં પાગલ બનેલા મુસાફરે દેવની વિનંતી ન સ્વીકારી.
૧૨. ભાવ પ્રાણ ................... સાથે સંકળાયેલા છે.
૧૩. સિદ્ધો નું જીવપણું ................... હોય છે.
૧૪. પરમાત્માના જન્મ મહોત્સવ ને ઉજવવા સૌધર્મેન્દ્ર .................. રૂપ ધારણ કરે છે.
૧૫. તમારા દાદાએ .................. ને કોહીનૂર ના હીરાની ઉપમા આપી છે.
૧૬. મહાવીર પ્રભુ એ પ્રથમ નું ચાતુર્માસ ................... કર્યું.
૧૭. .................. માંજ મોક્ષ છે અન્ય છ ચારીત્ર માં મોક્ષ નથી.
૧૮. .................. બનવા જેને ન આવડે તે કયારેય સ્વામી બની શકતો નથી.
૧૯. વિકલેન્દ્રિય જીવોની ................ સંખ્યાતા ભવો છે.
૨૦. શ્વાસોશ્વાસ પ્રાણ અને ................... તો બધાજ જીવોને હોય છે.

**પ્રશ્ન-૨ એકજ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧. પૃથકત્વ એટલે શું ?
૨. મગધ સમ્રાટ શ્રેણીક ને વિનય નો ઉપદેશ કોણે આપ્યો ?
૩. મોક્ષને વિષે વિદ્યમાન પદની પ્રરૂપણા કરવી તેને શું કહેવાય ?
૪. કાળી રાત્રીમાં કાળો સર્પ કોણે જોયો ?
૫. શૂલપાણી યક્ષ પૂર્વ ભવમા કોણ હતો ?
૬. હાસ્ય, રતિ, અરતિ, પરિહરવાની અને શોક, ભય, દુર્ગચ્છાં પરિહરવાની ભાવનાથી શું નિર્મળ થાય ?
૭. મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતી કેટલી ?
૮. જાતિ માર્ગણામાં કોને મોક્ષ છે ?
૯. જીવ વારંવાર પોતાની જાતીમાં જેટલા વખત સુધી ઉત્પન્ન થાય તેને શું કહેવાય ?
૧૦. સિદ્ધના જીવોને જીવપણુ કયા ભાવે હોય છે ?
૧૧. દેવો નો મૂળ શરીર શું કહેવાય ?
૧૨. કયા તાપસે ગોશાળા ઉપર તેજોલેશ્યા મુકી ?
૧૩. ક્રોધ, માન, માયા, લોભ ને શેની ઉપમા આપવામાં આવી છે ?
૧૪. યુગલીયા મરીને કયાં જાય ?
૧૫. બ્રમ્હદત્ત ચક્રવર્તી અને સુભુમ ચક્રવર્તી શેના અભાવે જીવન હારી ગયા ?

**પ્રશ્ન-૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) અણુજાણહ ૨) સુર ૩) થોવા ૪) મચ્છા ૫) જિઆણં ૬) વુઠો ૭) મણુસ્સાય ૮) વિણઓ ૯) ભે ૧૦) અસંખ ૧૧) ઉરગાય ૧૨) નારય ૧૩) પુઢવીએ ૧૪) ઉક્કોસ ૧૫) વઇક્કમં ૧૬) ફૂસણા ૧૭) સન્નિ ૧૮) બારસાઉ ૧૯) પાણા ૨૦) અણંત

**પ્રશ્ન-૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) ભરત મહારાજા | ૧) નાવિક |
| ૨) ગોશાળો | ૨) કટપૂતના |
| ૩) મૃગાવતીજી | ૩) વ્યંતર |
| ૪) ભવસ્થિતી | ૪) મોક્ષ |
| ૫) શ્રાવક | ૫) વિશેષજ્ઞતા |
| ૬) કંબલ-સંબલ | ૬) તેજો લેશ્યા |
| ૭) ત્રસ કાય | ૭) વિનય |
| ૮) સિદ્ધાર્થ | ૮) આયુષ્યદ્વાર |
| ૯) સિદ્ધ | ૯) નાગકુમાર દેવ |
| ૧૦) વિજયવતી | ૧૦) પચાસ બોલ |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. મુહપતિની પડિલેહણા કેટલી ?
૨. મોક્ષ માર્ગણાના વિશેષથી ભેદ કેટલા ?
૩. બેઇન્દ્રિયને કેટલા પ્રાણ હોય છે ?
૪. પ્રત્યેક વનસ્પતિકાયની સ્વકાય સ્થિતી કેટલી ?
૫. તેઇન્દ્રિયનું આયુષ્ય કેટલું ?
૬. અનુત્તર દેવોનું શરીર પ્રમાણ કેટલું ?
૭. કેટલી પ્રમાર્જના વાંદણા દેતી સમયે કરાય છે ?
૮. જીવોને પ્રાણ કેટલા ?
૯. આત્માની આકાશ પ્રદેશની સ્પર્શના કેટલી ?
૧૦. સિદ્ધની ઉત્કૃષ્ટથી અવગાહના કેટલી ?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧. સિદ્ધના જીવો અભવ્યથી અનંતગુણા છે.
૨. ઇન્દ્રિય પ્રાણ દસ છે.
૩. એક સમયમાં ઉત્કૃષ્ટ થી ૨૦ નપુંસક જીવો મોક્ષમાં જઈ શકે.
૪. મગધ સમ્રાટ શ્રેણીક એક ચાંડાળ પાસે થી વિદ્યા ભણી રહયા હતા.
૫. ગુરુસાક્ષીએ પ્રગટપણે પશ્ચાતાપ કરું છું .
૬. ઉપશમ સમ્યકત્વમાં જ મોક્ષ છે.
૭. મૃગાવતીજી ચંદનબાલાજી ની શિષ્યા હતા.
૮. કર્મભૂમિમાં યુગલિક કાળના મનુષ્યો આયુષ્ય પૂર્ણ કરી દેવલોક માં જાય છે.
૯. જ્ઞાનીઓની દૃષ્ટીએ જેની બુદ્ધિ પરિપકવ નથી તેઓ વૃદ્ધ છે.
૧૦. દરેક દ્રવ્યને અવગાહના ક્ષેત્ર થી સ્પર્શના ક્ષેત્ર વધુ જ હોય છે.

**પ્રશ્ન-૭ નીચેનું વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. યુગલિયા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા છે.
૨. આત્મા અવેદિ છે માટે વેદ માર્ગણામાં મોક્ષ નથી.
૩. હે પુષ્પ ! તું સામુદ્રિક શાસ્ત્રના અભ્યાસનો ખેદ ન કર, એ શાસ્ત્રો સાચા જ છે.
૪. આધ્યાત્મિક પતન કરાવનાર અશુભ અધ્યવસાયોની પ્રધાનતાવાળી કૃષ્ણલેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા પરિહરવામાં આવે છે.
૫. કાળા ધોળા ઉંદર તે શુકલ અને કૃષ્ણ પક્ષ છે.
૬. "જાઓ, જે મર્દ હોય તે જાય અને જે હાથથી મુનિને તમાચો માર્યો એની પાંચે પાંચ આંગળીઓ કાપી નાંખો".
૭. જે જીવના જેટલા પ્રાણ હોય તેનાથી તેનો સર્વથા વિયોગ તે જીવનું મરણ છે.
૮. ઘણાં કલેશ ને કંકાસના મૂળમાં કોકની ચઢામણી કે અવળી શિખામણ કામ કરી જતી હોય છે.
૯. ગુલાબનું ફુલ હોય, મોગરાનું ફુલ હોય પણ આકાશનું ફુલ નજ હોય.
૧૦. મામાના ભરોસે એના ભરાવ્યા પગલા ભરશો નહીં, કોઈ શાણા માણસની સલાહ લઈને રાજ કરજો નહીં તો પરિણામ ભયંકર આવશે.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) વાંદણા સૂત્ર નું મહત્વ સમજાવો ૨) વિશેષજ્ઞતા ૩) સ્વકાય સ્થિતી
૪) મોક્ષ તત્વનાં દ્વાર કયા અને કેટલા ? કોઈ પણ બે સમજાવો ૫) કંબલ અને સંબલ નો પૂર્વ ભવ.

જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com